PREFACE.

When branches of the children's League began to be formed in the Sorath Prant, it was found that action songs in the vernacular were required. After several months some were obtained in English, from the central office in Bombay, but none could be obtained in Gujarati.

Ten of the Imperial Action Songs have therefore been selected and translated into Gujarati.

My thanks are due to Mr. N. D. Kavi, Miss Fielding, and Mr. M. H. Parekh for their kind help; to the Begum Sahiba of Manavadar for allowing the Manavadar poet to translate some of the songs for us and to the translators of the other songs—Mr. Chimanlal Chaturbhuj, and Mr. Mangalji Harjivan, Rajkot, and Mr. Pitambar Narayan Joshi, Bagasra.

Not least are my thanks due to Khan Saheb Framroz S. Master for so kindly seeing this through the Press and to Mr. N. D, Kavi for giving a final revision to the work.

It is hoped that these songs will interest, instruct and amuse the children and be also a help to their teachers.

Copies of this song book will be sold for the benefit of the Kathiawar Teacher Members and the Sorath Prant Branch of the Children's League.

J. M. W. OLDFIELD,

Vice-President, Children's League,

2nd July 1919. Sorath Prant, Kathiawar.

PREFACE TO THE SECOND EDITION.

This little book *Bal Sangit*, which was first published, with some diffidence last month, has already met with so kind a reception that it is necessary again to go to press in order to meet the demand.

It is thus possible to print the three songs kindly translated by Mr. Popatlal Keshavlal Shah, Rajkot, which unfortunately arrived too late for inclusion in the first issue.

14*th August* 1919. J. M. W. O.

Copies, at 4 As. each, may be obtained from—

Mrs. Oldfield, Jetalsar, Kathiawar.

N. M. Tripathi & Co., Kalbadevi Road, Bombay.

બાળ સંગીત.

(હાવભાવ સાથે ગાવાનાં ગીતો.)

૧

એક કડીયો.

(રાગ—"પુનમ ચાંદની"નો.)

તમને ઈંટોથી ચણવાનું કામ પસંદ છેરે
તો તો કરવો જોઈએ જરૂર તમારે [૧]કેલ—તમને.

તેમાં સારી રીતથી મેલવણી જોઈએજ
કે જેથી મિશ્રણ બધું થાય બરાબર તેજ

પહેલાં ઈંટો માટે સમ ભૂમિ બનાવવીરે
તેમાં [૨]પાથરવો આ કેલ થવા ઉકેલ—તમને.

[૩]લેલીથી આ કેલની કરો સફાઈ સપાટ[૪]
[૫]તેપર ઈંટો ગોઠવી ઘડો ભીંતનો ઘાટ

આમજ ઉપર ઉપર[૬] સીધે સીધી[૭] ગોઠવોરે
જેથી સમતોલે રહી કરશે સાફ સફાઇ—તમને.

જ્યારે કામ વધુ વધે [૮]આંખેના પરખોજ
[૯]ઓળંભાની દોરીથી તે વખતે નીરખોજ

નહિતો ભીંત તમારી વાંકી ચૂંકી થઇ જશેરે
નહિરે જોનારાને લાગે સુંદરતાઇ—તમને.

[૧૦-૧૧]હાથ હવે આંબે નહિ વધી ઉંચાઇ અધીક
તો [૧૨]સીડી ઉપર ચડી મૂકો ઈંટો ઠીક[૧૩]

જ્યારે કામ તમારૂં પૂરેપૂરૂં થઈ રહેરે
ત્યારે મળશે તમને આનંદી વિશ્રામ—તમને.

[૧૪]પાકો પાયો નાંખતાં પાકી થાએ ભીંત
કાચો પાયો નાંખતાં કાચી થાય ખચીત

એવી કેલવણીની રીત તમે વિચારજોરે
પાયો પાકો નાંખી કરજો સઘળાં કામ[૧૫]—તમને.

(ગઢવી રાજવીર—માણાવદર.)

૧. રેતી અને ચુનાની મેલવણી કરતા હોય તેમ વર્તન કરવું. ૨. કડીયા લોકના ચુનારડાથી ચુનો પાથરતા હોય તેમ હાથ કરવો. ૩. ચુનારડું ફેરવી સપાટ સરખું કરતા હોય તેમ ચાળા કરવા. ૪. ચુનારડું હલાવતા હોય તેમ કરવું. ૫. ઇંટો લઈ ગોઠવતા હોય તેવો દેખાવ કરવો. ૬. હાથ સરખા ચત્તા ઝાલી રાખવા. ૭. હાથ સીધા ઉંચા ચારથી પાંચ ઇંચ છેટે રાખવા અને હાથની હથેલી નીચે રાખીને હાથ ઉપર નીચે હલાવવો. ૮. સંભાળથી તપાસતા હો તેવો દેખાવ કરવો. ૯. કડીયાનો ઓળંભો જમણા હાથે પકડી, ડાબો હાથ લાંબો કરી નીચે બતાવવો. ૧૦. ઉપર જોવું. ૧૧. હાથ જેટલો ઉંચો પુગે તેટલો અંગુઠાપર ઉભા રહી મુકવો. ૧૨. પગ અને હાથ સીડીપર ચડતા હો તેમ હલાવવા. ૧૩. ખભા ઉપર તગારૂં મુકીને લઈ જતા હો તેવો દેખાવ કરવો. ૧૪. આંગળી કરીને બતાવવું. ૧૫. તાળી પાડવી.

૨
સુતાર.

(રાગ-"પુનમ ચાંદની"નો.)

દેખો આનંદી આ સુતારની દુકાન છેરે
તે તો સખ્ત કામમાં દીસે છે મસ્તાન—દેખો.

કરવા લીસાં પાટીયાં [1]રંદો લીધો હાથ
કરી કામ તે ઝડપથી ધરી [2]કરવતી હાથ

વહેર્યું પાટીયું આ કડકા તેથી બે[3] થયારે
તેપર બેસારે છે[4] ખીલા કરી નીશાન—દેખો.

આ કડકાઓ ચાલશે ? વિચારમાં પડતોજ
નજર ફેરવે ખંતથી[5] સાવધ તુર્ત થતોજ

દેખો પાસ પડેલી લીધી હાથે [6]સારડીરે
પાડયાં [7]છિદ્રો થોડાં રાખી પૂરણ ધ્યાન—દેખો.

તેમાં એ ડીસમીસથી સ્ક્રુ બેસારે આજ
લંબાઈ જોયા પછી માપે છે કકડાજ

પેલી ફુટપટીથી[8] માપે ને કાપે જરારે
કરી સેગડાથી[9] સારૂંરે દબાણ—દેખો.

આખું ભોંય તળીયું જુઓ છોલે ગયું છવાઈ
આવો સૌ આ છોલને [10]નાંખો અગ્નિ માંહી

તેથી ઘાટા ધોળા ધૂમાડાઓ નીકળેરે
તેની ઉંચી[11]જાશે શેડોરે આકાશ—દેખો.

ઝટ જાતો રસ્તે જુઓ સુતાર બીજો, ભાઈ
પોતાની લઈ ટોપલી[12] જુઓ દુકાને જાય

તેવી રીતે વ્હાલા ચાલો જઈએ સ્કુલમાંરે
વાગ્યો ઘંટ[13] હવે ના આપણુને અવકાશ—દેખો.

(ગઢવી રાજવીર—માણાવદર.)

૧. રંદાથી સાફ લીસું કરવાનું વર્તન કરવું.- ૨. કરવતથી વહેરતા હોય તેમ ચાળા કરવા. ૩. કાપીને બે કટકા કરતા હોય તેમ દેખાડવું. ૪. હથોડો મારતા હોય તેમ કરવું. ૫.-માથું એક બાજુ રાખી વિચાર કરતા હોય તેમ દેખાવ કરવો. ૬. સારડીથી સાર પાડતા હોય તેમ કરવું ૭. ડાબો હાથ શરીરની જરા સામો રાખી સ્ક્રુની ચાવી ફેરવતા હોય તેમ કરવું. ૮. લંબાઈ માપતા હોય તેમ કરવું. ૯. હાથે ફેરવીને પકડથી ઈસ્ક્રુ યાને પેચનો ખીલો ફેરવતા હોય તેમ કરવું. ૧૦. હાથથી નાંખતા હોય તેમ કરવું. ૧૧.'હાથથી ઉંચું જાયછે તેમ બતાવવું. ૧૨. ખભા ઉપર મન કલ્પિત ટોપલી લટકાવતા હોય તેમ કરવું. ૧૩. ઘંટડી વગાડતા હોય તેમ દેખાવ કરવો.

૩

નિશાળના મીત્રો.

(રાગ હોરી.)

બન્ધુઓ સ્કુલના હિતકારી—હિતકારીરે
વ્હાલા કેમ છે તબિયત તમારી—બન્ધુઓ.
પ્રિય તમારો આભાર માનું છું પ્રેમની છે બલિહારી
આગળ પસાર કરેલા સુખી દિન રાખું છું નિત્ય સંભારી
લીધી આજ સંભાળ મારીરે—બન્ધુઓ.
મહાન પ્રભુએ આપણને આપ્યો પ્રેમ અહા અવિકારી
જેણે આપણને સુજન બનાવ્યા તેનો આભાર છે ભારી
દયાળુ છે દેવ મોરારીરે—બન્ધુઓ.
બાળક આપણ એક બીજાઓ વ્હાતા હતા પ્રેમ ધારી
અત્યારે મિત્ર તરીકે ચાહીએ કુદરતની બલિહારી
રાખો વ્હાલા દિલમાં ધારીરે—બન્ધુઓ.
હાથ તમારો નબળો પડે તો હાથ મારો (તમારો) ઉપકારી
તે ઉપર દ્રઢતાથી અઢેલીને ઉભા રહોને સંભારી
(તમારો) બોજો થાય મારો આધારીરે—બન્ધુઓ.
જો તમે દિલગીરીમાં હો કે આફત આવે અણધારી
તે વખતે ઝટ કાગળ લખશો આવીશ પાસ તમારી
દઇશ મૃદુ તકીયો બનાવીરે—બન્ધુઓ.
જો હું પૈસાદાર બનું ને તમે હો ગરીબ લાચારી
તોપણ આપણે એક કુટુમ્બના જેવિ ધાટિ મિત્રાચારી
કરીશ તમને મદદ હું સારીરે—બન્ધુઓ.
તારા દુ:ખમાં ભાગ લઇશ હું સ્થિતિ દઇશ સુધારી
છેલ્લે સુધી તમને મદદ કરીને દઇશ હું રાહત સારી
એ છે વ્હાલી ફરજ અમારીરે—બન્ધુઓ.
સત્યનો જય થાઓ હમેશા દો ગુરૂ કીર્તિ વધારી
આપણી શાળાએ આપણને દીધા બાળપણેથી ઉદ્ધારી
જીવન કીધ શિખવી સોનેરીરે—બન્ધુઓ.
રહો આબાદી આ બ્રિટન રાજની રહો કાયમ સરદારી
સત્ય પ્રેમ ને કીર્તિ એ આપણા હેતુને દેશે વધારી
રાજવીરે કવિતા ઉચારીરે—બન્ધુઓ.

(ગઢવી રાજવીર—માણાવદર.)

સુચના:—આ ગરબી ગાતાં છોકરાંઓને બબેની હારમાં ગોઠવવાં, અને ગરબાની પહેલી કડી ગાતાં એક બીજાના હાથ તાલની સાથે મેળવવા. બીજી કડીની પહેલી લીટી ગાતી વખતે પોતાના હાથ એક બીજાની ગરદને નાંખવા. બીજી લીટીએ એકે બીજાના હાથ પોતાના હાથમાં લેવા. છેલ્લી લીટીઓમાં ડાબી બાજુએ હોય તેણે જમણી બાજુવાળાના હાથ ઉપર વાંકું વળવું. ત્રીજી કડીના બીજા ભાગ વખતે જે ડાબી બાજુએ હોય તેણે પોતાનું માથું બીજા ઉપર નમાવવું અને બીજાએ તેના કપાળને હાથ ફેરવીને પ્યાર કરવો. છેલ્લી કડીઓમાં પહેલી ચાર લીટીઓમાં તાલમાં ગાતાં હાથ આમ તેમ હલાવવો; અને છેલ્લી ચાર ગરબીઓ ગાતી વખતે બન્ને હાથો ખુશાલીમાં જોરથી આમ તેમ હલાવવા.

૪

વરઘોડો.

("મારા હર્ષ તણો નહિ પાર" એ રાહ.)

વા વા કેવો આ[૧] વરઘોડો
વ્હાલા મિત્રો જોવા દોડો—(ટેક)

[૨]ઝગમગ ઝગમગ જામો થાએ ઝળહળ જ્યોતી ઝળકે
[૩]ચાલો ચાલો જોવા જઇએ આપણ સૌ ઉમળકે—વા વા.

દીવાઓની હારો દોડે [૪]આંખો નાંખે આંજી
આપણને આનંદ આપતી છુટે આતસબાજી—વા વા.

[૫]જો જો પેલાં દાડમ કુટયાં બન્યાં આતસી ઝાડો
[૬]પાને પાને હીરા ઝળકે તેજ તણા છે પ્હાડો[૭]—વા વા.

[૮]બપોરિયાઓ બપોર જેવો પ્રકાશ પૂરણ આપે
[૯]ફુલ ખરણીઓ ફુલો ખેરી આપે તેજ અમાપે—વા વા.

[૧૦]હવાઈઓ હવામાં દોડે ઉડે કંઈક ગબારા
[૧૧]સડુડાટના શબ્દ કરીને [૧૨]જાણે ખરતા તારા—વા વા.

[૧૩] { અહાં મધુરાં વાજાં વાગે—ઢોલ અને શરણાઇ
ત્રાંસાંનો પણ ત્રણેણાટ છે—ઝાંઝ રહ્યા ઝણકાઈ—વા વા.

ઉભા રો આ પાછળ આવ્યું [૧૪]બેન્ડ મધુરૂં વાગે
વિધ વિધ વાજાં વિધ વિધ સુરો પ્રિય કાનને લાગે—વા વા.

[૧૫] { ટમ ટમ ટમ ટમ ઠમ ઠમ ઠમ ઠમ ટન ટન ટન ટન થાવે
ઢમ ઢમ ઢમ ઢમ રામઢોલ આ ધરણીને ધ્રુજાવે—વા વા.

[૧૬]રાગ રૂપાળો ગાનારીનો વાજાંમાં મળી જાતો
બલિહારી આ વરઘોડાની આનંદ અઢળક થાતો—વા વા.

આનંદી આ રાત આજની ભુલીશું ના ઘડીએ
[૧૭]વા વા વા વા વા વા બોલી ચાલો છૂટા પડીએ—વા વા.

(પીતામ્બર નારાયણ જોષિ—બગસરા.)

૧. જમણો હાથ લાંબો કરી બતાવો. ૨. એ હાથ આમ તેમ ફેરવી બધું બતાવો. ૩. આનંદથી ચાલી બતાવો. ૪. આંખો અંજાઈ જતી હોય તેમ કરો. ૫. બધાઓ જમણા હાથ લાંબા કરી દાડમ છુટેછે તે બતાવો. ૬. પહેલી આંગળી લાંબી કરી બતાવો. ૭. જમણો હાથ ઉંચો કરી બતાવો. ૮. બપોરીઆઓ ફોડતા હોઈએ તેવી હાથથી નિશાની કરો. ૯. ફુલખરણી સળગાવવાની નિશાની કરો. ૧૦. જમણો હાથ ઉંચો કરી આકાશમાં ઉડતી હવાઇઓ અને ગબારાઓ બતાવો. ૧૧. મોઢેથી સડુડાટ બોલો. ૧૨. ખરતા તારા બતાવવા હાથ ઉંચો કરી ગોળાકારે નીચે લાવો. ૧૩. એક છોકરો ઢોલ, બીજો શરણાઈ, ત્રીજો ત્રાંસ, અને ચોથો ઝાંઝ વગાડતા હોય એવી નિશાની કરો. (આ ટુંકની પહેલી અરધી કડી સૌ સાથે બોલો, બાકીની અરધી લીટી ઢોલ અને શરણાઇવાળા બે છોકરા બોલે, ત્રાંસાંવાળો અને ઝાંઝવાળો પોતપોતાનાં વેણ બોલે.) ૧૪. પાછળ જોઈ હાથ લાંબો કરી બેન્ડ બતાવવું. ૧૫. એક છોકરો ટમ ટમ બોલે, બીજો ઠમ ઠમ બોલે, ત્રીજો ટન ટન બોલે, ચોથો ઢમ ઢમ બોલે—ચોથું વેણ "ધરણીને ધ્રુજાવે" એ બધા સાથે બોલી પૃથ્વી બતાવે. ૧૬. જમણા હાથના અંગુઠા સાથે પહેલી આંગળી જોડી આનંદની નિશાની બતાવવી અને માથું આનંદથી હલાવવું. ૧૭. અરધો હાથ લાંબો કરી હથેળીને ઉછાળી આનંદ બતાવી સૌએ છુટા પડવું.

૫

હવે માથે હાથ મુકો પ્રિય બાળકો.

(સવૈયો.)

માથે હાથ મુકો પ્રિય બાળક હડપચી નાક ઉપર પણ તેમ,
હલાવજો આંગળીઓ વળતી ઘુંટણુ હસ્ત મુકો ધરી પ્રેમ;
જમણો પગ ઉંચો કરી પછીથી ડાબો જે જમણાનો ભાઈ,
ડાબો કર ઉંચો પછી જમણો લેજો રાખી સરસ સફાઈ.—૧.

પકડો કોણી મજબુતીથી, ચળકતી આંખ બતાવો આમ,
અદબ કરો શિર ટેકવી કર પર, થાક ઉતારી લ્યો આરામ;
વાળો મૂઠી. બળથી પોંચા પકડો વીરો મારી જેમ,
માથું હલાવો, ડુસકાં ભરજો નાનાં બાળક રડતાં તેમ.—૨.

બનાવીએ ઢીંગલીઓ, રહેજો મુંગા, તે જાગી નવ જાય,
મીઠાં હાલરડાં ગાઈએ જ્યાં સુધી તે નિદ્રાવશ થાય;
ચુપકી ભરી ચોકી બહુ કરીએ માના જેવો રાખી પ્યાર,
જાગે એહ મળસકે ત્યારે નવરાવી ધરીશું શણગાર.—૩.

(મંગળજી હરજીવન—રાજકોટ.)

૬

કડીઓ.

(હરિગીત.)

બળવાન હું કડીઓ ચપળ મુજ કામ ચણતરનું કરૂં,
તમને બતાવું કેવી રીતે ઈંટ ચૂનો પાથરૂં;
આ ઈંટ પહેલી આમ રાખી[૧] તે ઉપર જરી ભાર દો,[૨]
ચૂનો મુકો[૩] પછી ઈંટ આડી[૪], ઘર થશે તે જોઇ લો.

મોટું મકાન બનાવતાં પાયો ઉંડો ખોદાવીએ,[૫]
સીધી અને મજબુત દિવાલો[૬] કાળજીથી બનાવીએ;

ઈંટો તગારામાં ભરી ખાંધે ચડાવી[૭] ચાલીએ,
ચડીએ ઉતરીએ[૮] સીડી પર ઝટ તોય બહુ સંભાળીએ.

છાયું સુતારે છાપરૂં[૯] વાંસો, વળીઓ, ને ખીલે,
નળીઆં મજુરે ચાળીઆં, વરસાદનાં પાણી ઝીલે;

કરવા ધુમાડો દુર ચણીએ એક સંગીન ચીમની,
ને વાવટા ફરકાવીએ,[૧૦] એમ કામ આમ પુરૂં ગણી.

(મંગળજી હરજીવન—રાજકોટ.)

૧. જમણો હાથ ઇંટ મુકતા હો તેમ લંબાવો. ૨. જાણે ચુનાડીઆથી ભાર દેતા હોય તેમ કરો. ૩. ચુનો પાથરતા હોય તેમ કરો. ૪. જમણા હાથને શરીરની સાથે કાટ ખુણો થાય તેમ રાખો. ૫. ખોદતા હોય તેમ કરો. ૬. હાથ લંબાવી ઉંચા નીચા કરો. ૭. તગારૂં ખાંધ ઉપર ચડાવી ચાલતા હોય તેમ દેખાડો. ૮. પગથીઆં ચડતા ઉતરતા હોય તેમ હાથ ઉપર નીચે કરો. ૯. હાથ ઉંચા કરી છાપરૂં બતાવો. ૧૦. વાવટા ફરકાવતા હોય એમ હાથ વતી દેખાડો.

૭

જો કદિ થાકો કોઈ કામથી.

{ વિસામાની ગરબી. — સવૈયા એકત્રિસા. }

૧. જો કદિ થાકો કોઇ કામથી, હોય લાંબું ને જો રસ હીન,
તો શું રોશો ? કે રીસાશો ? કે વળી થાશો શું દીલગીર ?

૨. [૧]ના, ના; [૨]છોડો સીવણ ગૂંથણ, ને વળી [૨]છોડો પુસ્તક પેન,
ચાલો કરીએ કસરત આપણ, તેથી [૩]તાજાં બનશું બેન !

૩. [૪]પાછળ ખેંચો ખભા સર્વના, [૫]કરો કોણી સીધી સહુ આમ,
[૬]પછી હાથને ઘુમાવી દઈને, [૭]નજર છાપરે કરો તમામ.

૪. [૮]વાળો નજર પછી પૃથ્વીપર, [૯]ફરજો ડાબે, [૧૦]જમણે હાથ,
[૧૧]સીધા થઈને પછીથી સર્વે, અટકી જાજો એકી સાથ.

૫. [૧૨]હાથ હવામાં ઉંચા કરજો, બહુ ધીમેથી બંને જેમ,
[૧૩]પાછા તેને નીચા નમવજો, સંભાળી ધીમેથી તેમ.

૬. [૧૪]કેડ ઉપર મુકી બંને હાથો, [૧૫]વાળો આગળ ધડને આમ,
[૧૬]તેજ પ્રમાણે પાછળ વાળો, ધડને એકી સાથ [૧૭]તમામ.

૭. [૧૮]જેમ ઝાડની ઘણી ડાળીઓ, વાના જોરે ઝોલાં ખાય,
તેમ ઝુલાવો શરીર તમારાં, ડાળીનાં જેવાં શોભાય.

૮. [૧૯]ચાલતી વખતે ચટપટ ચરણો, આગળ ધસવાને ખેંચાય,
ડાબો જમણો એમ ચલાવો, એક પછીથી એક બધાંય.

દોહરો.

[૨૦]પાડો તાળી જોરથી, જેથી જેમ પડાય;
વાહ ! થાક ઉતરી ગયો, પ્રેમ કામ પર થાય.

(ચીમનલાલ ચત્રભુજ—રાજકોટ.)

૧. ના પાડતા હોય તેમ માથું હલાવવું. ૨. જાણે કાંઈ મુકતાં હોય તેવી નિશાની જમણા હાથથી કરવી. ૩. માથું હલાવીને ઉંચું કરો. ૪. આંચકા સાથે બંને કોણી ખેંચાય તેટલી પાછળ ખેંચો. ૫. હાથો થોડા વખત માટે ઉંચા રાખી પાછા નીચા કરો. ૬. આ લીટી બોલો ત્યારે હાથને આગળ લઇ પાછળ ઘુમાવો. ૭. આ લીટી બોલો ત્યારે છાપરા તરફ ઉંચે નજર કરો. ૮. આ લીટી બોલો ત્યારે સીધા થઈ જમીનપર નજર કરો. ૯. એડીપર સપાટાબંધ ડાબી બાજુપર ફરો. ૧૦. તેજ પ્રમાણે જમણી તરફ ફરો. ૧૧. તેજ પ્રમાણે સીધા થાઓ. ૧૨. ધીમેથી બંને હાથ ખભાપર સીધા ઉંચા કરો. ૧૩. તેટલીજ ધીમાશથી હાથ નીચે લાવો. ૧૪. કોણી બહાર રહે તેમ બંને હાથો કેડ ઉપર મુકો. ૧૫. આસ્તે આસ્તે ધડને આગળ નમાવો. ૧૬. આસ્તે આસ્તે ધડને પાછળ નમાવો. ૧૭. આ લીટી પુરી થાય ત્યારે ફરીથી સીધા થાઓ અને હાથો કેડ ઉપરજ રાખો. ૧૮. આ અને તે પછીની એક લીટી બોલો ત્યાં સુધી પહેલાં ડાબી અને પછી જમણી બાજુ એમ શરીર ઝુલાવ્યા કરો. ૧૯. એકી સાથે પહેલાં ડાબો અને પછી જમણો એમ દરેક પગ ઉંચો કરી પાછો જમીનપર લાવો. ૨૦. એ લીટી બોલો ત્યાં સુધી એડી સાથે તાળી પાડો અથવા ટુક પુરી થાય ત્યાં સુધી તાળી પાડવાનું અને પગ ઉંચા નીચા કરવાનું શરૂ રાખો.

૮

પૈસા નાંખવાની પેટી.

(કલ્યાણ.)

આવો ! આવો ! આમ,
હે બન્ધુઓ તમામ;
આપણે આનન્દે કરીએ,
આ[૧] સુતારી કામ.

સારા કારીગર થઈ મિત્રો ! ધરી હથોડા હાથ;
બનાવીએ પેટી શોભીતી સર્વ મળી સંગાથ—આવો.

આની, બેઆની, પાવલીઓ, પૈ, પૈસાય, નખાય;[૨]
હલાવવાથી તેનો મનહર ખણખણાટ શો થાય—આવો.

કરવતીના તીણા દાંતાથી[૩] પાટીઆં વહેરાય;
રંદો ફેરવવાથી[૪] આ સૌ લીસાં લપટ સુહાય—આવો.

ચારે ખુણા, ખીલી મારી, સફાઈથી સંધાય;
તળીઉં, ઢાંકણ, સરસ બનાવી, ઉપર શાર પડાય—આવો.

ચતુર, ઉમંગી, આપણી હોંસે પેટી ઘડીમાં થાય[૫];
તાળું વાસી. કુંચી નક્કી માતાને સોંપાય[૬]— આવો.

(મંગળજી હરજીવન–રાજકોટ.)

૧. હાથ વડે ઓજાર બતાવતા હોય એમ કરો. ૨. પેટીમાં પૈસા નાખતા હોય એમ બતાવો. ૩. કરવતીથી લાકડાં વહેરાતાં હોય એમ દેખાડો. ૪. રંદો ફેરવતા હોય એવો દેખાવ કરો. ૫. તૈયાર થયેલી પેટી જાણે તપાસતા હોય એમ બતાવો. ૬. ચેતવણી આપવાને માટે જમણા હાથની વચલી આંગળી ભાર દઈ ઉંચી કરો.

૯

ખેડુત.

(સવૈયા.)

નિજ બળદોને ખેતરમાં લઈ, આનંદી ખેડુત ધરી પ્રીત,
શું કરતો આવો પ્રિય બહેનો, તેનાં ગરવાં ગાઈએ ગીત;
ખેડુત બાળક હાલરૂં હાંકે[૧], હૈયામાં ધરી અતિ ઉલ્લાસ,
એક ચિત્ત સાવધ રહી ખેડુત, ચોંપે પાડે હળથી ચાસ[૨].

(સહુ સાથે.)

ને બહુ કરતો દિન ભર મહેનત, વહાણે વહેલો ઉઠી વીર;
ધીર ચતુર કદી પોતાનો નવ, વખત ગુમાવે વ્યર્થ લગીર—૧.

દાણા કુટે કુંડે ત્યારે, સકળ નિરાળા કરવા ચાસ,
નીંદે[૩] તીણે દાતરડેથી, ખેતરમાં ઉગેલું ઘાસ;
ખંપાળીથી[૪] સઘળું સમેટી ગંજી[૫] કરવા ઘર લઈ જાય,
કાળ દુકાળે નિજ પશુઓને અતિશય તે ઉપયોગી થાય.

(સહુ સાથે.)

તે બહુ કરતો દિનભર મહેનત, વહાણે વહેલો ઉઠી વીર;
ધીર ચતુર કદી પોતાનો નવ, વખત ગુમાવે વ્યર્થ લગીર—૨.

દશરા દીવાળી દિવસોમાં, ખેતર પાકે સભર ભરાય,
ધારદાર દાતરડી ઝપટથી, કટ કટ કણની લણણી [૬]લણાય;
ધોકાને[૭] ધબ ધબ ધબકારે, અનાજના કણ છુટા થાય,
જેમ મહેનત અધિક કરે ત્યમ ખેડુવદન પર હરખ છવાય.

(સહુ સાથે.)

તે બહુ કરતો દિનભર મહેનત, વહાણે વહેલો ઉઠી વીર;
ધીર ચતુર કદી પોતાનો નવ, વખત ગુમાવે વ્યર્થ લગીર—૩.

(મંગળજી હરજીવન—રાજકોટ.)

૧. રાશ પકડી બળદને હાંકતા હોય તેમ કરો. ૨. ચાસ બતાવવાને જમણો હાથ આગળ લંબાવો. ૩. જમણા હાથથી નીંદતા હોય તેમ દેખાડો. ૪. બંને હાથથી નીંદેલું ઘાસ એકઠું કરતા હોય તેમ કરો. ૫. ગંજી ખડકતા હોય તેમ હાથ વડે બતાવો. ૬. દાતરડાથી ડુંડા કાપવાના દેખાવનો ભાવ લાવો. ૭. બંને હથેળી ભેગી કરી ધોકો ઉંચો કરી પછાડતા હોય તેમ બતાવો.

૧૦

અનાજનો પાક.

("એ એક યાદી આપની" એ ગઝલના રાહમાં.)

આવ્યો અહાહા મેહુલો[૧] કેવી રૂપાળી આવણી
કરશું હવે કરશું હવે વ્હાલા મજાની વાવણી[૨]

ખેતર બધા ખેડાઈને સાફ્જ ગયેલાં છે બણી
[૩]તૈયાર છે તે તો બધાં કરશું રૂપાળી વાવણી*

લઈ [૪]કોથળીઓ બીજની દંતાળની કરી જોતણી[૫]
[૬]ચાલો સપાટે ખેતરે કરીએ રૂપાળી વાવણી*

[૭]એલો ધીમેથી હાંકીએ વાંકી બને ના ઓરણી
[૮]મૂઠી ભરીને માપસર કરીએ રૂપાળી વાવણી*

હારો ઉગી ગઈ છોડની જેવી [૯]લીટીઓ આપણી
આ સ્લેટસમ ખેતર દીસે કરીએ રૂપાળી વાવણી*

જોઈ થએલો પાક આ આંખો ઠરેછે આપણી[૧૦]
કરીએ હવે કરીએ હવે વ્હાલા રૂપાળી કાપણી[૧૧]

[૧૨]લઈ દાડિયાં સાથે હવે ચાલો સહુ ખેતર ભણી
આ તિવ્ર [૧૩]દાતરડાં વડે કરીએ રૂપાળી કાપણી†

વાડો દીસેછે થોરની[૧૪] તે છેજ ઉપયોગી ઘણી
દુકાળમાં ચારો ખુટયે તેની કરીશું કાપણી†

લણી ખેતર બધું જુએ પછી તેનો ધણી[૧૫]
બાંધી બરાબર ગાંસડા[૧૬]જઈએ ખળાઓની ભણી
[૧૭]ચોળી મચોળી ધાન્યને પછી ઝાટકીને વાવલી[૧૮]
કરીએ ખળામાં આપણે આ પાકની ઢગલી ભલી[૧૯]
પછી ઘેર લઈ જઇએ બધું [૨૦]મગરૂર આજે સૌ છીએ
ખપ જોગ રાખી ઘેર ને [૨૧]બાકી બધું એ વેચીએ
[૨૨]શુભ કામનો બદલો પ્રભુ આ રીત સૌને આપશે
ભણતર વિષે પણ તેમ છે મધુરો બહુ પાકજ થશે.

(પીતામ્બર નારાયણ જોષિ—બગસરા.)

૧. ઉંચા હાથ કરી વરસાદ આવતો હોય તેમ બતાવવું. ૨. વાવતા હોઇએ તેમ નિશાની કરવી. ૩. ખેતરો સાફ છે એમ હાથ જમીન તરફ રાખી બતાવવું ૪. ખભે કોથળીઓ લેતા હોય તેમ બતાવવું. ૫. દંતાળને બળદ જોડતા હોય તેમ બતાવવું. ૬. સપાટાથી ખેતરે જતા હોઇએ તેમ બતાવવું. ૭ બળદ હાંકતા હોઈએ તેમ કરવું. ૮. મુઠી વાળીને બીજને ઓરણીમાં નાખતા હોઈએ તેમ બતાવવું. ૯. ખેતરમાં ઉગેલા છોડોની હાર બતાવવા જેવી નિશાની કરી–સ્લેટમાં લખેલી સીધી હારો બતાવવી. ૧૦. ખુશી થવું. ૧૧. કાપણી કરતા હોઇએ એવી નિશાની બતાવવી. ૧૨. દાડીયાંને સાથે ચલાવતા હોઈએ એવી નિશાની કરી ચાલવું. ૧૩. દાતરડું હાથમાં પકડયું હોય તેમ બતાવવું. ૧૪. હાથ લાંબો કરી થોરની વાડ બતાવતા હોઇએ તેમ કરવું. ૧૫. એક છોકરાએ ધણી બની પાક તપાસતો હોય તેમ કરવું. ૧૬. ગાંસડા માથે લઈ ચાલતા હોઇએ તેમ બતાવવું. ૧૭. ડુંડાંઓને ચોળતા મચોળતા હોઇએ એવી ચેષ્ટા કરવી. ૧૮. ઝાટકવા ને વાવલવાની ચેષ્ટા કરવી. ૧૯. હાથથી ઢગલો કરતા હોઈએ તેમ બતાવવું. ૨૦. પાક લઈ આનંદથી ઘેર જતા હોઇએ તેમ બતાવવું. ૨૧. ઘરમાં રાખવું અને વેચવું એ હાથથી બતાવવું. ૨૨. પ્રભુ પ્રાર્થના કરતા હોઈએ તેવી ઢબમાં આ કડી બોલવાની છે.

* ૨ પ્રમાણે.
† ૧૧ પ્રમાણે.

૧૧

કોયલ અને ચકલીઓ.

(હરિગીત છંદની ઢબ પર.)

૧

[૧]ચીંચીં કરંતાં ઝાડ પાસે [૨]બેઉ નાનાં પક્ષીઓ
[૩]શોધેજ માળો [૪]બાંધવા જગ્યા મજાની પક્ષીઓ
ને [૫]ચાર નાની બટુક પગલી [૬]આમ તેમ કુદી રહી
નાચે રૂપાળી [૭]ચાર પાંખો વાયુમાં ફડફડી રહી
માળો બનાવા ચાંચમાં લે [૮]એક, બે ને ત્રણ ગણો
વળી ચાર, પાંચ, છ, સાત, આઠ જ, નવ દશ તરણાં ગણો.

૨

આ [૯]સોય જેવી લાંબી ચાંચો [૧૦]તણખલાં પકડી રહી
માળા તણાં સૌ સાધનો કાપી સમાં કરતી રહી
ચાંચે ગ્રહ્યા છે [૧૧]ઉનકડકા, [૧૨]સ્હેજ મસ્તક હાલતાં
માળો બધો પુરો કરી ત્યાં ત્રણક ઇંડાં મુકતાં
ઇંડાં ઉપર [૧૩]આસ્માન રંગી [૧૪]એક, બે ને ત્રણ ગણો
વળી ચાર, પાંચ, છ, સાત, આઠ જ, નવ, દશ ટપકાં ગણો.

૩

[૧૫]ચકલો અને ચકલી [૧૬]ઉડયાં, જોઇ રહ્યાં ત્રણ પક્ષીઓ
પોતાનું ઇંડું મૂકવા આવી અહીં કોયલ જુઓ[૧૭]
[૧૮]ઈંડાં હતાં તે ભાંગીને પોતાનું અહીં મૂકી ગઇ[૧૯]
ચોરી સફલ થઈ જાણીને તે તો બહુ રાજી[૨૦]થઇ
[૨૧]ટીહુ ટીહુ કરી ઉડી ગઇ તે, એક, બે ને ત્રણ ગણો
વળી ચાર, પાંચ, છ, સાત, આઠ જ, નવ, દશ ટહુકા ગણો.

૪

[૨૨]માળે જ આવી બેઉ પક્ષી એક ઇંડું સેવતાં
[૨૩]બચ્ચું નહિ પોતા તણું, કોયલ તણું ત્યાં દેખતાં[૨૪]
ચણને નહિ ખવડાવતાં [૨૫]ભુખ્યું બચ્ચું એ કોયલ તણું[૨૬]
કીડા વણીને ખાય છે, મુંઝાય છે માળે ઘણું[૨૭]
[૨૮]એ ખાય છે કીડા અહારે, એક, બે ને ત્રણ ગણો
વળી ચાર, પાંચ, છ, સાત, આઠ જ, નવ, દશ કીડા ગણો.

૫

આ [૨૯]આળસુ કોકિલ માળો બાંધતી નથી કોઇદી
ગાતી [૩૦]રખડતી ઝાડવે [૩૧]ચકલી હવે ના રાખતી
ઓ છોકરાંઓ [૩૨]જો તમારે સુખી થાવું હોય તો
ચાહો [૩૩]બીજાનું તમ પ્રતિ વર્તન જ તેવાં તમ થજો
છો સૌ ભલાં બાળક તમે, આ એક, બે ને ત્રણ ગણો
વળી ચાર, પાંચ, છ, સાત, આઠ જ, નવ દશ બાળો ગણો.

(પોપટલાલ કેવળચંદ શાહ—રાજકોટ.)

૧. જમણી બાજુએ ઉંચે કાંઈ દેખાડો. ૨. અંગુઠા પાસેની બે આંગળીઓ ઉંચી કરો. ૩. ડાબીથી જમણી બાજુ નજર નાખવી. ૪. હાથથી માળો બાંધવાનો ભાવ બતાવવો. ૫. બેઉ હાથની બબે આંગળીઓ ઉંચી કરી બતાવો. ૬. હાથવતી આમતેમ બતાવો. ૭. બંને હાથોનાં કાંડાંવતી પાંખો ઉડતી હોય તેમ દેખાડો. ૮. શિક્ષકના હુકમ મુજબ તાળી પાડો. ૯. અંગુઠા પાસેની બે આંગળીઓ સોયની પેઠે બહાર બતાવો. ૧૦. ડાબા હાથની હથેળીમાં જમણા હાથની ચીમટી લઈ વીણતાં હોય તેમ બતાવો. ૧૧. પોતાના જબ્ભા સહેજ ઉંચા કરી બતાવો. ૧૨. છોકરાઓ ડાબી અને બાળાઓ જમણી બાજુએ માથું જરા નમાવો. ૧૩. જમણા હાથની આંગળીવડે બતાવતા હો તેમ જમીન તરફ નિશાની કરો અને જમીન તરફ નજર રાખો. ૧૪. શિક્ષકના હુકમ મુજબ તાળી પાડો. ૧૫. જમણા હાથની આંગળી વડે પક્ષી બતાવવાની નિશાની કરો. ૧૬. બંને હાથો ઉછાળી ઉડવાની નિશાની કરો. ૧૭. હાથવતી બારણું બતાવો. ૧૮. હાથવતી બારી બતાવો. ૧૯. જમણા હાથથી ગબડાવી દેવાની નિશાની કરવી. ૨૦. ધીમેથી હાથો હલાવો. ૨૧. હાથો ઝુલાવો. ૨૨. જમણી બાજુએ ઉંચે હાથવતી બતાવો. ૨૩. બાવીશ પ્રમાણે નિશાની કરો. ૨૪. આ લાઇન ધીમેથી ગાઓ. ૨૫. માથું જોરથી હલાવો. ૨૬. પૂર્ણવિરામ પ્રમાણે એકદમ રોકાઈ જાઓ. ૨૭. માળો બતાવી મુંઝાય છે એ હાથથી બતાવો. ૨૮. જમણા હાથવતી ખાતા હો તેમ બતાવો. ૨૯. શોકાતુરની પેઠે જમણી બાજુ માથું હલાવો. ૩૦. છાપરાના ચારે ખુણા જમણા હાથવતી બતાવો. ૩૧. જમણા હાથથી ના પાડતા હોય તેમ હલાવો. ૩૨. ધીમેથી ગાઓ. ૩૩. હાથો ધીમેથી હલાવો.

૧૨

આનંદી કુચ.

(ગઝલ.)

હવામાં સાફ ફફડતા અમારા વાવટા વિજયી
કરીએ કુચ સૌ સાથે અમે આનંદથી આજે
અમારા મિત્રની સાથે રહીને યુધ્ધ લડવાને
અમે જઇએ છીએ નક્કી કરી છેલ્લી [1]સલામોને
અમે સ્વૈચ્છિક સિપાઈઓ કરીએ કુચ સૌ સાથે
અહા ઉત્સાહ છે પુરો અમોને યુધ્ધ લડવાનો
અમારી પાસ બ્યુગલ[2] એક છે આ ખોખરૂં જૂનું
નગારાં ફૂટલાં ત્રણ છે, ત્રણે બાળો વગાડે તે.
મળીશું મિત્રને જ્યારે થશે પોકાર હર્ષોના
રહી મદદે કરીશું હા જરૂર મહાત શત્રુને
અમે આ કાષ્ટની સમશેરને કેડે લગાવી છે
હવે ખોટી થવું અમને નહિરે પાલવે જરીએ
શુરા પગલાં ભરો આગળ વગાડો [3]બ્યુગલો ભાઇ
રહીને સાવધાનીથી ધસો આગલ ચલો આગલ.

(પોપટલાલ કેવળચંદ શાહ—રાજકોટ.)

૧. જમણા હાથથી સલામ કરો. ૨. હાથવતી બ્યુગલ વગાડતા હોય તેમ મોં આગળ જમણો હાથ લાવો. ૩. બ્યુગલનો અવાજ કરો, હારબંધ ઉભાં રહો અને ચાલવા લાગો.

૧૩

જો હું પૈસાદાર હોઉં તો શું કરૂં?

(ગઝલ)

કદી [1]શ્રીમાન હું હોઉં કહું તમને કરૂં શું હું
[2]મજાનું કાઠી ટટ્ટુ લઇ તબેલો એક બંધાવું
ખરીદુ ઘાસ સૂકું ને [3]કરૂં સ્વારી હમેશાં હું
ન મારૂં એડી [4]લાકડીએ કહી [5]ચિક ચિક બોલાવું
[6]કુદુક કુદુક ચલાવું [7]કુદુક કુદુક દોડાવું
ગ્રહીને ચાલ ઘોડાની[8] ધીમે[9] કુદજો જી સંભાળો

[illegible] સ્વારી [illegible]
વળોટું પૂલ રસ્તાઓ [11]ધીમે કુદાવતો જાઉં
ઉંચી ઢોળાવ જગ્યાઓ [12]સપાટાથી કુદાવું હું
કરીને સ્વારી ટટ્ટુની[13] ડુંગર ઉપર ચડી જાઉં
ન મારૂં એડી લાકડીએ કરી ચિક ચિક બોલાવું
હરણુ ને અન્ય પશુઓથી ભલે વગડો ઉઠે [14]ગાજી
તથાપિ હું કરૂં સ્વારી [15]કુદાવું ને ચલાવું હું
થતાં મૃગયા પુરી મારી [16]ધીમે ધીમે ઘરે આવું
ખરેરો દઇ કરૂં ચોકખુ પછી બાંધું તબેલામાં.[17]

(પોપટલાલ કેવળચંદ શાહ—રાજકોટ.)

૧. ગજવામાં હાથ નાખી રૂપીઆ ખટખડાવતા હોય તેમ દેખાડો. ૨. જાણે આનંદથી હાથમાં હાથ મેળવતા હોય તેમ બતાવો. ૩. ઉપર પ્રમાણે. ૪. આંગળી ઉંચી કરો (લાકડીની પેઠે). ૫ જીભથી ચીક ચીક એવો અવાજ કરો. ૬. લગામ પકડી હોય તેમ હાથ નીચા રાખો અને જીન ઉપર બેઠા હોય તેમ પગ ચલાવો. ૭ ઉપર પ્રમાણે. ૮. ઉપર પ્રમાણે. ૯. જરા ધીમે ધીમે પગ ચલાવો. ૧૦. સીટી વગાડતા હોય તેમ હોઠ કરો અને હાથો મોં આગળ પોલા રાખો. ૧૧. જરા ધીમે ધીમે પગ ચલાવો. ૧૨. ઝપાટાબંધ પગ ચલાવવા માંડો. ૧૩. કુદતા હોય તેમ પગ ચલાવો ૧૪. જમણો હાથ એકદમ ઉંચો કરો ૧૫. નાં. ૧૩ પ્રમાણે ૧૬. ધીમે ધીમે પગ ચલાવો ૧૭. અર્ધો વર્ગ ગાય અને બાકીનો અર્ધો વર્ગ ઘોડાની પેઠે ખોંખારા મારે.

— — — — —

Printed by E. G. Pearson at the Times Press, Bombay, and published by Mrs. Oldfield, Jetalsar, Kathiawar.